શ્રીનગરમાં હુમલામાં બે પોલીસ શહિદ

શ્રીનગરના બાગ બારજુલ્લા વિસ્તારમાં ધોળા દિવસે આતંકી હુમલો : ચોંકાવનારી ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા જેમાં ભરચક બજારમાં એક આતંકી એકે-૪૭થી અંધાધૂંધ ફાયરિંગ કરતો નજરે પડે છે

શ્રીનગર, તા. ૧૯

જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગરના બાગ બારજુલ્લા વિસ્તારમાં આતંકીએ ધોળા દિવસે પોલીસ ટીમ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં પોલીસના બે જવાન શહીદ થઈ ગયા છે. પોલીસે આ વિસ્તારની ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. એક શંકાસ્પદ પણ પકડાયો છે. ચોંકાવનારી ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં ભરચક બજારમાં એક આતંકી એકે-૪૭થી અંધાધૂંધ ફાયરિંગ કરતો નજરે પડે છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, હુમલામાં માર્યા ગયેલા પોલીસકર્મીની ઓળખ કોન્સ્ટેબલ સુહેલ અહેમદ અને મોહમ્મદ યુસુફ તરીકે થઈ છે. પોલીસ ટીમમાં આતંકવાદીના બેફામ હુમલોના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ૫ સેકન્ડના આ વિડીયોમાં જોવા મળે છે કે એક આતંકવાદી એકે ૪૭ સાથે બજારમાં પ્રવેશ્યો હતો અને ત્યાં ઉભેલા પોલીસ કર્મચારી પર પાછળથી ગોળીબાર કર્યો હતો. આ પછી તે ત્યાંથી ભાગવા લાગ્યો. મીડિયા રિપોર્ટ અનુસાર આતંકી સંગઠન ટીઆરએફએ આ હુમલાની જવાબદારી લીધી છે.

જમ્મુ-કાશ્મીર પોલીસે પુષ્ટિ કરી હતી કે શુક્રવારે બપોરે આતંકીઓએ કરેલી ફાયરિંગમાં બે પોલીસ કર્મચારી ઘાયલ થયા છે, જેમને શ્રીનગરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે, સારવાર દરમિયાન બંને પોલીસકર્મીઓને ડોક્ટર દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

ત્રણ દિવસમાં આ પ્રકારની આ બીજી ઘટના છે, આ સમગ્ર ઘટનાક્રમ એક સીસીટીવી કેમેરામાં કેદ થયો છે, જમ્મુ-કાશ્મિરનાં કોન્સ્ટેબલ સોહેલ અને મોહમ્મદ યુસુફ શહેરનાં બાઘટ બારજુલા એશિયાનાં એક ટી સ્ટોલ પર ઉભા હતા ત્યારે જ આ હુમલો થયો, હુમલામાં ઘાયલ બંને પોલીસકર્મીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેનું મોત થઇ ગયું.

પોલીસ પાર્ટી પર આતંકી હુમલા બાદ એક સીસીટીવી ફુટેજ પણ બહાર આવ્યું છે, જેમાં એક આતંકી એકે-૪૭ લઈને દોડતો જોવા મળી રહ્યો છે, મહત્વની બાબત એ છે કે આતંકી માર્કેટ વચ્ચે જોવા મળી રહ્યો છે, આ આતંકીની ઓળખ કરવામાં આવી રહી છે,

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે હુમલાખોરોની શોધ માટે સુરક્ષા દળો દ્વારા સઘન સુરક્ષા અભિયાન ચલાવવામાં આવ્યું છે, બાઘર બારજુલા એરિયા અતિસુરક્ષાવાળા એરપોર્ટ રોડ પર છે, સુત્રોનાં જણાવ્યા પ્રમાણે બાગહાટ હુમલામાં એક શંકાસ્પદની ઓળખ ધ રેજીસ્ટેન્સ ફ્રન્ટ સાથે સંકળાયેલા આતંકી સાકિબ મંઝુર તરીકે થઇ છે, સાકિબ, શ્રીનગરનાં બારજુલાનાં બાગહાટ વિસ્તારનો રહેવાસી છે. શ્રીનગરમાં છેલ્લા ત્રણ દિવસમાં આ પ્રકારનો આ બીજો હુમલો છે.

આ પહેલા બુધવારે આતંકવાદીઓએ શહેરનાં હાઇ સિક્યુરિટીવાળા દુર્ગનાગ એરિયામાં એક રેસ્ટોરન્ટ માલિકનાં પુત્રને ગોળી મારીને ઘાયલ કરી દીધા હતાં, આ હુમલો યુરોપીય યુનિયન સહિતનાં વિવિધ દેશોનું ૨૪ સભ્યો ધરાવતા પ્રતિનિધી મંડળનાં જમ્મુ-કાશ્મિર પ્રવાસનાં કેટલાક કલાકો બાદ જ બહાર આવી હતી.

NASAનું રોવર મંગળ પર સફળતાપૂર્વક લેન્ડ થયું

જીવનની શક્યતાઓ પર શોધ કરશે : NASAએ રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે પોતાના માર્સ પર્સિવેરેંસ રોવરને જેજેરા ક્રેટરમાં સફળતાપૂર્વક લેન્ડ કરાવ્યું

વૉશિંગ્ટન,તા.૧૯

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ મંગળ ગ્રહ પર માર્સ પર્સિવરેંસ રોવર મોકલવામાં સફળતા પ્રાપ્ત કરી છે. અમેરિકાની અંતરિક્ષ એજન્સીએ રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે પોતાના માર્સ પર્સિવેરેંસ રોવરનો જેજેરા ક્રેટરમાં સફળતાપૂર્વક લેન્ડ કરાવ્યું. ૬ પૈડાવાળું આ ઓવર મંગળ ગ્રહ પર ઉતરીને ત્યાં અનેક પ્રકારની જાણકારી એકત્ર કરશે અને એવા ખડકોને લઈને આવશે, જેનાથી એ સવાલોના જવાબ મળી શકે કે શું લાલ ગ્રહ પર ક્યારેય જીવન હતું. જેજેરા ક્રેટર મંગળ ગ્રહનું અંતિર્મ દુર્ગમ સ્થળ છે. અહીં ઊંડી ઘાટીઓ અને પહાડો છે. તેની સાથે જ અહીં રેતીના ટીલા અને મોટામોટા પથ્થર તેને વધુ ખતરનાક બનાવી દે છે. એવામાં પર્સિવેરેંસ માર્સ રોવરની લૅન્ડિંગની સફળતા પર સમગ્ર દુનિયાની નજર હતી.

રોવરના મંગળ ગ્રહ પર લૅન્ડિંગની સાથે જ અમેરિકા મંગળ ગ્રહ પર સૌથી વધુ રોવર મોકલનારો દુનિયાનો પહેલો દેશ બની ગયો છે. એવું માનવામાં આવે છે કે જેજેરા ક્રેટરમાં પહેલા નદી વહેતી હતી જે એક લેકમાં જઈને મળતી હતી. ત્યારબાદ ત્યાં પંખાના આકારનો ડેલ્ટા બની ગયો. વૈજ્ઞાનિકો તેના માધ્યમથી એ જાણવાનો પ્રયાસ કરશે કે શું મંગળ ગ્રહ પર ક્યારેય જીવન હતું. વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો ક્યારેય મંગળ ગ્રહ પર જીવન રહ્યું હતું તો તે ત્રણથી ચાર અરબ વર્ષ પહેલા રહ્યું હશે, જ્યારે ગ્રહ પર પાણી વહેતું હતું.

શોપિયામાં આતંકી અથડામણ, ૩ આતંકીવાદીઓનો ખાતમો

આતંકી પાસેથી દારૂગોળો અને હથિયારો મળી આવ્યા : આતંકવાદીઓ દ્વારા ફાયરિંગ શરૂ કરી દેવાતાં જેનો સુરક્ષાદળોએ જડબાતોડ જવાબ આપ્યો

શોપિયા,તા.૧૯

જમ્મુ અને કાશ્મીરના શોપિયામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. સુરક્ષાદળોએ એક્રાઉન્ટરમાં લશ્કર એ તૈયબાના ત્રણ આતંકીઓને ઠાર કર્યા છે. આતંકીઓ પાસેથી દારૂગોળો અને હથિયારો મળી આવ્યા છે. અત્રે જણાવવાનું કે સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણ શોપિયાના બડગામ વિસ્તારમાં વહેલી સવારે શરૂ થઈ. જમ્મુ કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળો વિસ્તારમાં સર્ચ અભિયાન ચલાવી રહ્યા હતા. આ દરમિયાન આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધુ. જેનો સુરક્ષાદળોએ જડબાતોડ જવાબ આપ્યો. ત્યારબાદ બંને તરફથી ફાયરિંગ ચાલુ થઈ ગયું. આઈજીપી કાશ્મીર વિજય કુમારે જાણકારી આપતા કહ્યું કે શોપિયામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં લશ્કર એ તૈયબાના ત્રણ આતંકીઓ માર્યા ગયા. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યાં મુજબ આતંકીઓ સાથે એક્રાઉન્ટરમાં એક પોલીસકર્મી પણ શહીદ થયો છે. જમ્મુ અને કાશ્મીર પોલીસના એસપીઓ મોહમ્મદ અલ્તાફે શહાદત વ્હોરી. એક પોલીસકર્મી ઘાયલ પણ થયો છે. ઘાયલ પોલીસકર્મીનું નામ મંજૂર અહેમદ છે. સુરક્ષાદળોએ અથડામણના સ્થળેથી ૨ એકે-૪૭ અને એક પિસ્તોલ જપ્ત કરી છે. જો કે ફાયરિંગ હવે બંધ થઈ ગયું છે. સર્ચ ઓપરેશન ચાલુ છે. અથડામણને જોતા શોપિયા જિલ્લામાં ઈન્ટરનેટ સર્વિસ હાલ બંધ કરાઈ છે. માર્યા ગયેલા આતંકીઓની ઓળખ થઈ ગઈ છે. તેઓ લશ્કર એ તૈયબાના હતા અને કાશ્મીરમાં અશાંતિ ફેલાવવા માટે કામ કરી રહ્યા હતા.

સમાચાર રફ્તાર

- દુમકા કોષાગાર કેસમાં લાલુ યાદવની જામીન અરજી ફગાવાઈ.
- નારણૌલ, (હરિયાણા)માં ડબલટ્રેક કન્ટેનર પાટા પરથી ઉતરી ગયુ.
- દિશા રવિને પટીયાલા હાઉસ કોર્ટે ત્રણ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલી આપી.
- ચિત્રકુટ દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને બે-બે લાખ વળતર આપવાની યોગી આદિત્યનાથની જાહેરાત.
- ગુજરાતના પહેલા મહિલા આઈપીએસ અધિકારી અને પૂર્વ ડીજીપી ગીતા જોહરી કેડીલા ફાર્માસ્યુટીકલ્સમાં પ્રેસીડન્ટ તરીકે નિમાયા.
- કોરોના પોઝીટીવ દર્દી રજીસ્ટ્રેશન વગર મતદાન કરવા જશે તો સીધી ફોજદારી ફરીયાદ કરાશે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણી પીપીઈ કીટ પહેરીને રાજકોટમાં મતદાન કરશે.
- અહેમદ પટેલના પુત્ર ફેઝલ પટેલ સક્રિય રાજકારણમાં જોડાશે.
- દૂધ સાગર ડેરીએ દૂધની ખરીદીનો ભાવ ૨૦ રૂ. વધાર્યો.
- મહારાષ્ટ્રમાં કોરોના સંકટ ઘેરાયુ. વર્ધા જિલ્લામાં સ્કૂલ-કોલેજ બંધ કરવા આદેશ.
- સોશીયલ મીડિયા પ્લેટફોર્મ પરથી હવે ૩૬ કલાકમાં પોસ્ટ હટાવવી પડશે.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ આવશે. રવિવારે નારણપુરામાં મતદાન કરશે.
- મહારાષ્ટ્રના આરોગ્યમંત્રી રાજેશ ટોપે કોરોનાથી સંક્રમિત
- પેટ્રોલ-ડીઝલમાં અગીયારમાં દિવસે પણ ક્રમશઃ ૩૦, ૩૧ પૈસાનો ભાવ વધારો, દિલ્હીમાં ૯૦ રૂ. પેટ્રોલ વેચાયુ.
- અભિનેત્રી કંગના રનૌતે પુરીના જગન્નાથ મંદિરે દર્શન કર્યા.

પંજાબ-હરિયાણામાં જીયોના ગ્રાહક ઘટ્યા, અન્યોને લાભ

ખેડૂત આંદોલનથી રિલાયન્સ જીઓને ભારે નુકસાન - પંજાબમાં જીઓના ૧.૪૦ કરોડ ગ્રાહકો હતા, આ સંખ્યા ડિસે.માં ઘટી ૧.૨૪ કરોડ થઈ, BSNLના ગ્રાહક વધ્યા

નવી દિલ્હી, તા. ૧૯

ખેડૂત આંદોલનના કારણે પંજાબ અને હરિયાણામાં રિલાયન્સ જીઓને નુકસાન થયુ છે.રિલાયન્સ જીઓના ગ્રાહકોમાં ઘટાડો થયો છે અને તેનો ફાયદો વોડાફોન તેમજ એરટેલને મળ્યો છે. નવેમ્બર મહિનામાં જીઓના હરિયાણામાં ૯૪.૪૮ લાખ ગ્રાહકો હતા.જે ડિસેમ્બરમાં ઘટીને ૮૯.૦૭ લાખ થયા છે.જ્યારે એરટેલ પાસે નવેમ્બરમાં ૪૯.૫૬ લાખ ગ્રાહકો હતા.જે ડિસેમ્બરમાં વધીને ૫૦.૭૯ લાખ થયા છે.જ્યારે વોડાફોનના ગ્રાહકો ૮૦.૨૩ લાખથી વધીને ૮૦.૪૨ લાખ પર પહોંચ્યા છે.

પંજાબની વાત કરવામાં આવે તો જીઓના ૧.૪૦ કરોડ ગ્રાહકો હતા અને આ સંખ્યા ડિસેમ્બરમાં ઘટીને ૧.૨૪ કરોડ થઈ છે.જ્યારે વોડાફોનના ૮૬.૪૨ લાખ ગ્રાહકો વધીને ૮૭.૧૧ લાખ થયા છે.એરટેલના ૧.૦૫ કરોડ ગ્રાહોક હતા જે વધીને ૧.૦૬ કરોડ થઈ ચુક્યા છે. સરકારી કંપની બીએસએનએલના ગ્રાહકોમાં પણ ડિસેમ્બર મહિનામાં વધારો નોંધાયો છે.

ઉલ્લેખનીય છે કે, ખેડૂતો સતત આરોપ મુકી રહ્યા છે કે, મોદી સરકારે મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીને ફાયદો કરાવવા માટે નવા કાયદા લાગુ કર્યા છે.ખેડૂત યુનિયનનો આરોપ છે કે રિલાયન્સ હરિયાણા અને પંજાબમાં જમીન ખરીદી રહી છે .જેના પર તે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અને ખાનગી બજારો ઉભા કરવા માંગે છે. આંદોલન દરમિયાન પંજાબમાં રિલાયન્સ જીઓના ટાવરના ઈલેક્ટ્રિક કનેક્શનો કાપી નાંખવાની ઘટનાઓ પણ બની હતી.

બાબા રામદેવની પતંજલિએ કોવિડ-૧૯ની દવા લોંચ કરી

બાબાની પત્રકાર પરિષદમાં સ્વાસ્થ્યમંત્રી હાજર રહ્યા : પતંજલિ ઈન્સ્ટિટ્યુટની દવા WHOથી સર્ટિફાઈડ હોવાનો રામદેવનો દાવો, WHOએ GMPનું સર્ટિફિકેટ આપ્યું

નવી દિલ્હી, તા. ૧૯

પતંજલિ યોગપીઠના બાબા રામદેવના કોવિડ-૧૯ માટે દવા લોન્ચ કરી છે. શુક્રવારે પ્રેસ કોન્ફરન્સ કરીને બાબા રામદેવ સાથે કેન્દ્રીય

સ્વાસ્થ્યમંત્રી હર્ષ વર્ધન અને વાહન વ્યવહાર મંત્રી નિતિન ગડકરી પણ હાજર રહ્યા હતા. રામદેવે દાવો કર્યો કે પતંજલિ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટની આ દવા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)થી સર્ટિફાઈડ છે. દાવો છે કે ડબલ્યુએચઓએ જીએમપી એટલે કે ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસનું સર્ટિફિકેટ આપ્યું છે. બાબાએ કહ્યું કે આ દાવો એવિડેન્સ બેઝ્ડ છે. બાબએ આ પ્રસંગે રિસર્ચ પેપરની બૂક પણ લોન્ચ કરી છે. રામદેવે કહ્યું, કોરોનિલના સંદર્ભમાં નવ રિસર્ચ પેપર દુનિયાના સૌથી પ્રભાવશાળી રિસર્ચ જર્નલ્સમાં પ્રકાશિત થઈ ગયું છે. ૧૬ રિસર્ચ પેપર પાઈપલાઈનમાં છે.

બાબા રામદેવ કોરોનિલ અંગે વાત કરતા જણાવ્યું કે, જ્યારે અમે કોરોનિલ દ્વારા લાખો લોકોને જીવનદાન આપવાનું કામ કર્યું તો લોકોએ સવાલ ઉઠાવ્યા હતા. કેટલાક લોકોના મનમાં રહે છે કે રિસર્ચ તો માત્ર વિદેશમાં જ થઈ શકે છે, ખાસ કરીને આયુર્વેદના રિસર્ચ પર ઘણી શંકાઓ વ્યક્ત કરાતી હોય છે. હવે અમે શકતના તમામ વાદળો દૂર કરી દીધા છે. કોરોનિલને લઈને અલગ-અલગ બીમારી પર અમે રિસર્ચ કર્યું છે.

પતંજલિએ પાછલા વર્ષે જૂનમાં 'કોરોના કિટ' લોન્ચ કરી હતી. જેના પર ઘણો વિવાદ થયો હતો. આયુષ મંત્રાલયે પણ કહ્યું હતું કે પતંજલિ 'કોરોનિલ'ને માત્ર શરીરની 'રોગ પ્રતિરોધક ક્ષમતા વધારનારી' ગણાવીને વેચી શકે છે.

બનાસકાંઠા કોંગ્રેસની નવતર પહેલ

નગરપાલિકા ચુંટણીને લઈને કોંગ્રેસના ઉમેદવારોએ શપથ લીધા

મતદારોના વિશ્વાસને પરિપૂર્ણ કરવાની સાથે પારદર્શી વહીવટ માટેનો સંકલ્પ

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. દરેક રાજકીય પક્ષો અને ઉમેદવારો મતદારોને રિઝવવાના પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા નવતર પહેલ કરતા કોંગ્રેસના ઉમેદવારોને પારદર્શી વહીવટ આપવા અને શહેરના હિતમાં કાર્યરત રહેવા સહિત મતદારોનો વિશ્વાસ પરિપૂર્ણ કરવા અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

કોંગ્રેસે પોતાના ઉમદેવારોને મતદારો તેમજ પક્ષને વફાદાર રહી પ્રજાહિત નાં કામો માટે શપથ લેવડાવ્યા હતા. પાલનપુર કોંગ્રેસ કાર્યાલય ખાતે શપથ લેવડાવતા ઉમેદવારો સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પાલનપુરમાં જૈનાચાર્ય શ્રીમદ્ હીરવિજય સૂરીશ્વરજી મ. સા.નો પ્રતિમાપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

પાલનપુર

આજે પાલનપુરની હનુમાન શેરી સ્થિત શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ મંદિરની સામે નવનિર્મિત જૈનાલયમાં સમ્રાટ અકબરને પ્રતિબોધિત કરી અહિંસા પ્રેમી બનાવનાર જગદ્ ગુરુ શ્રીમદ્ હીરવિજયસૂરીશ્વરજી મ. સા. ની નૂતન પ્રતિમાનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ શ્રુતભાસ્કર શ્રીમદ્ વિજય ધર્મધુરંધર સૂરીશ્વરજી મ. સા. વરદ હસ્તે યોજાશે. શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ. સા. નો જન્મ વિક્રમ સંવત ૧૪૮૩, માગશર શુક્લ-૯ ના શુભ દિવસે આ પાલનપુર નગરમાં કિવદંતી પ્રમાણે આ સ્થાન પર થયો હતો. બાળપણમાં જ તેમણે આચાર્ય ભગવંત શ્રીમદ્ દાનસૂરીશ્વરજી મ. સા. પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. પૂજ્યશ્રીજી મહાન શાસનપ્રભાવક મહાપુરુષ હતા. એમની શાસન-પ્રભાવના, રત્નત્રયીની આરાધના, સાધનાની ચમત્કૃતિ અને પ્રભાવકતા અદ્વિતીય હતી. એમની ચારિત્ર્ય-સાધના અને ગુણસમૂહના પુણ્ય સ્મરણમાં શ્રી પાલનપુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે પૂજ્યશ્રીજીનાં જન્મ-સ્થળ પર જ ગુરુમંદિરનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. તે પછી ગુરુમંદિરમાં જગદ્ ગુરુ શ્રીમદ્

હીરવિજયસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવા માટે પૂજ્ય ન્યાયાંભોનિધિ, જંગમયુગપ્રધાન શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મ. સા. (પ્રસિદ્ધ નામ શ્રી આત્મારામજી મ. સા.) ના પટ્ટધર પંજાબકેશરી શ્રીમદ્ વિજય વલ્લભ સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર શાંત તપોમૂર્તિ, જિનશાસનરત્ન શ્રીમદ્ વિજય સમુદ્ર સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પરમાર-ક્ષત્રિયોદ્ધારક, ચારિત્ર્ય ચૂડામણિ શ્રીમદ્ વિજય ઈન્દ્રદિન્ન સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર કોંકણદેશ દીપક શ્રીમદ્ વિજય રત્નાકર સૂરીશ્વરજી મ. સા. ના વર્તમાન પટ્ટધર શ્રુતભાસ્કર, સરસ્વતી-ઉપાસક શ્રીમદ્ વિજય ધર્મધુરંધર સૂરીશ્વરજી મ. સા., ગણિવર્ય શ્રી ધર્મરત્ન વિજયજી. મ. સા., તપસ્વી મુનિરાજ શ્રી ઋષભચંદ્ર વિજયજી મ. સા. આદિ સાધુ-ભગવંતો તથા મહા તપસ્વી સાધ્વી શ્રી અમિતગુણાશ્રીજી મ. સા., (મહારાજ સાહેબનાં માતૃશ્રી), સાધ્વી શ્રી પીયુષપૂર્ણાશ્રીજી મ. સા., આદિ સાધ્વીજી ભગવંતોને વિનંતિ કરી. તેમણે વિનંતિનો સ્વીકાર કર્યો અને યથા નિશ્ચિત સમયે પધારીને શ્રી ચતુર્વિધ સંઘના સાંનિધ્યમાં, ગુરુભક્તિ નિમિત્તે જિનેન્દ્ર ભક્તિ ત્રિદિવસીય મહોત્સવના આયોજનમાં સહભાગી બનીને મંગલ મુહૂર્તમાં ગુરુમૂર્તિપ્રતિષ્ઠા આનંદોલ્લાસપૂર્વક સંપન્ન કરાવશે.

૧૦ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૪ કેસમાં બે મહિલા દર્દી અને એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા ૪ કેસમાં બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ, અડાલજ અને સરગાસણમાંથી કેસો મળી આવેલ છે. અડાલજમાં સંક્રમિત થયેલ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે ૪ વ્યક્તીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૬૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૩૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૭૬૬ લોકોને હોમક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે એક દિવસ બાદ પુનઃ ૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ સેક્ટરોમાંથી પુનઃ જે રીતે કેસો મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સર્વેલન્સની સાથે સાથે ટેસ્ટીંગનું પ્રમાણ વધારવાની પણ સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં યુનિસેફના કન્સલટન્ટ, ખાનગી પ્રેસમાં નોકરી કરતો કર્મયોગી, ઈસરોના સિનીયર ટેકનીશ્યન, આદર્શ નિવાસી શાળાના શિક્ષક તેમજ એક ગૃહીણીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૧, ૨, ૩, ૪, ૫ અને ૨૪ માંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે શહેરમાં ૩૫ થી વધુ એક્ટીવ કેસ સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

૩ વૃક્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે વધતા જતા ટ્રાફિકના ભારણને ધ્યાને રાખીને આ રોડને ૧૦ મીટર પહોળો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રોડને બન્ને બાજુ પર મળીને ૩ મીટર પહોળો કરવામાં આવશે. આ દરમિયાન ઓછામાં ઓછા વૃક્ષો ખસેડવા પડે તે વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. હવે વન વિભાગના પરામર્સમાં રહીને કામગીરી કરવામાં આવી રહી છે. મેયરશ્રી દ્વારા કોઈપણ સેક્ટરમાં રોડને પહોળા કરવાની કામગીરી વખતે વધુને વધુ વૃક્ષો બચે તે પ્રકારે આયોજન કરવાની તાકીદ કરવામાં આવી છે.

માર્ગોનું ધોવાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. કેટલાક ઠેકાણે તો આંતરિક માર્ગો ભુસાઈ જવાની સ્થિતિમાં છે. છેવાડાના ગામ કરતા બદતર રસ્તાઓના લીધે રહીશો પણ તોબા પોકારી ગયા છે. ગત વરસાદી દિવસોમાં સતત વરસાદના લીધે માર્ગોની દશા ખરાબ થઈ છે. જયારે કોર્પોરેશન કક્ષાએથી સ્ટોર્મ વોટર લાઈન નાંખવા ખોદાયેલા ખાડાઓના લીધે પણ સેકટરના રસ્તા વધુ ખરાબ થયા છે. જયારે સેકટરવાસીઓએ પણ ઘર આંગણે પેવર બ્લોક કરીને માર્ગોને નિચાણમાં ગરકાવ કરી દેતા વરસાદી પાણીનો ભરાવો થઈ રહ્યો છે. જેના લીધે માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં રોજબરોજ હાલાકી વેઠતા રહીશો આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ ત્વરિત કામ હાથ ધરાય તેવી રજુઆત પણ મહાનગરપાલિકાના કમિશ્નરને કરવામાં આવી છે.